શ્રી પરમાત્મને નમઃ

શ્રી સૂરવિજય નાટક સમાજ.

ચંદ્રપ્રભા

નાટય સાર સંગ્રહ તથા ગાયનો

રચી પ્રસિદ્ધ કરનાર

ત્રવાડી લવજી મયાશંકર

તથા

રાવળ દુર્લભરામ જટાશંકર

(શ્રી સૂરવિજય નાટક સમાજના માલેકો)


મનોહર પ્રિન્ટિંગ પ્રેસ,—કરાચી.

પ્રથમાવૃત્તિ, પ્રત ૩૦૦૦.

વિક્રમાર્ક ૧૯૭૧. ઈ. સ ૧૯૧૫.

મુલ્ય બે આના.

ચેતવણી.



છપાવી પ્રસિદ્ધ કરનાર—ત્રવાડી લવજી મયાશંકર,
રાવળ દુર્લભરામ જટાશંકર.
(શ્રી નરવિજય નાટક સમાજના માલેકો)
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—હાલ પારસી થીયેટર. કરાંચી.
છાપવાનું ઠેકાણું—મનોહર પ્રિન્ટિંગ પ્રેસમાં નરભેશંકર
જગજીવન દવેએ છાપ્યું બંદર રોડ કરાંચી

ચંદ્રપ્રભા નાટકનાં પાત્રો.



પુરૂષ પાત્રો.

કંચનલાલ ... ...પૈસાના મદમાં ઉછળતો યુવાન.
મથુરાદાસ .... નકલી શ્રીમંત.
ચીમનલાલ ... ... એક કૃતઘ્ની મિત્ર
જોલી .. ... લેભાગુ ડાક્ટર.
જેમન ... .ડાકટરના મિત્ર.
લાલસાહેબ . ઉઠાવગીર.
અમથાભાઇ ....સોની

સ્ત્રી પાત્રો.

ગુણવંતી .... કંચનલાલની સ્ત્રી
ચંદ્રપ્રભા ... સુધરેલા વિચારની કંચનલાલના મોહમા ફસાયેલી સ્ત્રી.
ગુલાબગવરી ... .મથુરાદાસની સ્ત્રી.
શેહેરાં
લેહેરાં } . સુધરેલી સ્ત્રીઓ
વસન્ત
મધુરી . નાયકા.
જીજીબાઇ ....વિધવા
જડી .. . .સોનારણ
વગેરે. વગેરે.

ૐ

શ્રી ગણેશાય નમઃ

ચંદ્રપ્રભા નાટકનો ટુંક સાર.

અંક ૧ લો.

પ્રભુ સ્તવન-મંગળ ગાન.

પ્ર ૧ લો—મીલકતનો ગેરઉપયોગ કરનાર કુછંદી પુત્ર ખુશામતથી ખાનાર દોસ્તોના દોરથી ભ૦ જનારના મનની ભ્રમતા

પ્ર. ૨ જો—લાલ સાહેબના ઉડાઉ વિચારો. શહે અને લહેરાની ચંચળબાજીની શરૂઆત. જોલી તથા ઝેમન ચાલાકી

પ્ર. ૩ જો—મથુરાદાસનો ઘર સંસાર, કેળવણીનો ગેરઉપયોગ, બાળકની સ્વતંત્રતા.

પ્ર. ૪ થો—કંચનલાલનો ચંદ્રપ્રભા સાથેનો પ્રથ મીલાપ.

પ્ર. ૫ મો—લાલ સાહેબને છોડીને જતા રહેવાની શહેરાં લહેરાની ગોઠવણ, જોલી ઝેમનની મદદ. આખરે પોકળ પકડાઇ જવું, અને જોલી, ઝેમનનુ સપડાવું

પ્ર. ૬ ઠ્ઠો—મથુરાદાસની દગલબાજી, ખોટા મોહમાં અંજાઇ જતા માણસોની સ્થિતિ, ખુશામતી ચીમનની ચાલાકી

પ્ર. ૭ મો—નાચ પાર્ટી, દગાબાજ ચીમને ભેદ મરમ ખુલ્લો કરવાથી રંગમાં ભંગ

ટેબ્લો.

અંક ૨ જો.

પ્ર. ૧ લો—ગુણવંતગવરીની સત્યતાથી ઇશ્વરે [illegible]લી સહાય પતિપરાયણ સ્ત્રીએ સ્વામીના શુભ કાર્યમાં [illegible]યાસ કરવો

પ્ર. ૨ જો—વસન્ત અને લાલ સાહેબનુ નવું જોડુ[illegible]લી ઝેમનને ખવરાવેલી ભુલથાપ

પ્ર. ૩ જો—ચંદ્રપ્રભા સખીઓના સમુદાયમા.

પ્ર. ૪ થો—મધુરીના નાચ-ગાન, બાદ નિર્દોષ [illegible]વાનને સપડાવવાની યુક્તિ પ્રેમમા પડેલો વ્હેમ

પ્ર. ૫ મો—શહેરના લહેરાની ધારેલી ધારણામા ધુળ [illegible]ળેલી ઝેમનનો પસ્તાવો વૈરનો બદલો લેવાના વિચાર.

પ્ર. ૬ ઠો—મથુરાદાસની કૃતઘ્નતાનો બીજો બનાવ. [illegible]ની [illegible] આફત

પ્ર. ૭ મો—અજાણુ બાળા આફતમા વ્હેમી પતિથી બગડતો સંસાર ચીમનનો વિશ્વાસઘાત. ગુણુવતીએ બજાવેલી ફરજ

ટેબ્લો.

અંક ૩ જો.

પ્ર. ૧ લો—જોલી ઝેમનના પાશમા લાલ સાહેબનું સપડાવુ લાલ સાહેબને મારી નાંખવાની કરેલી ગોઠવણુ.

પ્ર. ૨ જો--નિર્દોષ નર દુખી હાલતમા વ્હેમ પર વ્હેમ કૃતઘ્ની ચીમનની પ્રપચ જાળ ગુણુવતીએ આપેલી ધીરજ અને સહાય

પ્ર ૩ જો--મથુરાદાસનો દુખમય દશામા આવેલો અત આખર વખતે પોતાના કૃત્ય પોતાની નજરે દેખી, પસ્તાવામા અકાળ મૃત્યુ

પ્ર ૪ થો--ખાડો ખોદે તે પડે એ પ્રમાણે જોલી ઝેમનનુ ફસાવુ લાલ સાહેબનુ ફૂાવી જવું

પ્ર. ૫ મો--મહા મુશીબતે પાપીના પાશમાથી નિર્દોષ બાળાનો બચાવ પ્રેમીઓની પરસ્પર પીછાણુ અંતે સત્યનો જય

શાતિ. શાતિ· શાતિ

હરિ: ૐ

ચંદ્રપ્રભા નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

મંગળાચરણ

સુત્રધાર— ૧

વંદન વિશ્વનાથ તુહી નાથ
હર હર દુર કર તાપ પાપ સુખકર વિભુ
દીનબંધુ દીનાનાથ
તરણ તારણ જગ ઉદ્ધારણ ત્રાતા વંદન૦
જન મન રંજન નાથ નિરંજન
ભય ભંજન જગત્રાતા
ભવ દુખ તારણ અધમ ઉદ્ધારણ
ધર્મ ધરણ છો ધાતા
આ. ... ... વંદન૦

બાળાઓ— ૨

સંગી સદગુણનો બેલી સીતારામ
પુર્ણકામ એક રામ છે
બેલી શ્રી રામ છે, અવિચળ નામ છે સંગી૦

ધર્મ કર્મના ફળ આપી ભવથી તારે
યોગી દુરજનના દળ સઉ સંહારે
એ
સાચાનો સ્વામી શ્રી રામ છે
પુર્ણકામ છે અવિચળ નામ છે સગી૦

કંચનલાલ— ૩

અહાહાહા આજે દેખુ હુ દિવાળી
મળી સઉ દોલત બન્યો ભાગ્યશાળી
શોખ ઉડાવું દોસ્તો બોલાવુ
પાર્ટી હુ આપુ નાચ ગાન સાથે અહાહાહા૦
મોટરો મગાવુ ઓર્ડરની સાથે
મોરટી દોડાવુ તમામ સગાથે અહાહાહા૦

ગુણવતી— ૪

પ્રિતમ સમજો શાણા દુનીઆ સઉ દોરગી
દેખાએ રંગ પતગી થાશો ના દુરજન સગી પ્રિતમ૦
જુઠી જગ જાળ નકામી મોહન સૌ મીથ્યા માની
નવ કરશો નાથ ગુમાની, થશો નવ કુસગ સંગી- પ્રિતમ૦

કંચનલાલ—જા નફટ કુલટા નઠારી
મુકી દે તારી લવારી
મિથ્યા વદે તુ કેમ વાણી પ્રિતમ૦

શેહેરાં— ૫

ખીલી ખીલી જુવાની જાય છે
માના અંતરમા કઇ કંઇ થાય છે
ફરૂં ફેશનથી હું તો બાગ બગીચા માહીં
કરૂ હું પ્યાર શોધી યાર જરદાર કોઇ
ઉડાવુ મોજ હુ બતાવું રોફ હુ ફરૂ૦

શહેરાં–લહેરાં— ૬

વારી જાઉં હુ યાર મારા શાણા સરદાર
મળી જોડી મજેદાર શેહેરા લેહેરા દીલદાર
ગાડી મ ગાવો સાડી પહેરાવો
ફેશનથી ફેરવો બહાર
લેહેરા તુ પાતલી શેહેરા સાથે મલી
અમન ચમન ર ગ રાગ ઉડાવો બહાર

ચંદ્રપ્રભા— ૭

મળું જઇ અલબેલા પ્રાણને
સલુણા શ્યામને, કચન કાનને
દિલારામને મળું૦
વરસાવી મીઠી વાણી
મારી નયન બાણુ
પીવા પ્રીતિના જામને

આપું સન્માન સોંપુ હુ પ્રાણ
હાવભાવ હેતેથી પ્રીતમને પ્રીતેથી
વશ કરીશ વહાલાને હુ મણું૦

ચંદ્રપ્રભા–સખીઓ— ૮

વાહ વાહ એ સાહેલી
કાલી કાલી વાતો કરે છે શુ ઘેલી
છાની છાની રહે એ છકેલી
શીદ અંતરની ઉર્મી દે ઠેલી વાહ વાહ૦

સ્વામી સંગે રંગાશો જ્યા
સઉ ભાવ ભુલી સખી જાશો ત્યા
અંતર પીડા મારી પ્યારી જાણ
શાણી કેડો છોડ
મોહક કંચન મુર્તી સાથે લગની
લાગી ના તરછોડ
ઠીક ઠીક ઠીક વાહવાહ૦

ચંદ્રપ્રભા–ચીમન— ૯

નફ્ફટ દુર હઠ
નવ કર ખટપટ ખલ તુ જા
જા જા ઝટપટ પાપી નટખટ
નહીં તો થઇશ તુ ખાલી ખુવાર નફ્ફટ૦

શેકહેન્ડ મેળવુ ફેશનથી ફેરવું
મોટર ગાડીમા હુ બેસારી ફેરવુ
ગોરા ગુલાબી ગાલે
લટક મટકતી ચાલે
આશકની સાથે ચાલો
માશુક નવેલી નાર નફ્ટ૦

ચંદ્રપ્રભા-કંચનલાલ— ૧૦
મોહીની લગાડી કયા જાઓ અલબેલડા
રસીક છેલડા (૨)
અંતરની ઓળખાણુ રાખજો ઓ ઘેલડા
રસીક છેલડા (૨)
પ્રીતિના પકવાન પીરસુ પાતળીઆ
ભાવતા ભોજન જમાડુ શામળીબા
અમીરમ ઘુટડા હુ પાઉં અલબેલડા
રસીક છેલડા (૨) મોહીની૦
ધીરજ ધારી રહેજે તુ પ્યારી
મલશુ ફરી પ્રિય સમય વિચારી
તન મન ધન સોપ્યુ છે આ તુજને ઓ ઘેલડા
રસીક છેલડા (૨) મોહીની૦

શાહેરાં-લહેરાં— ૧૧
મળી મેફીલ આજ મજાની
કેવી જામી છે બહાર

સઉ સાથે કરશું ગમ્મત
ઉડાવો મોજ અપાર
વીસ્કી ભરી બોટલમા
શહેરા લહેરા હોટલમા
માણીશુ મોજ અપાર
પીશુ પ્યાલી દીલદાર

બધા— વાહવાહ બસ એ મજા બસ એ મજા
ઉત્તમ તો ચાપ સ ગાથે
કટલસ પુડીંગની સાથે
ખાશુ ખુબીથી ખાતે
હરદમ, સરગમ, રૂમઝુમ, સઉ નાચો કરશુ બહાર

કુંચનીઓ— ૧૨

દુલનીઆ બના રહો સારી રેન
સાજન સઉ બના રહો સારી રેન
જાગે સાસનકા છૈયા
નણુદ કેરા ભૈયા એજી હમારે સૈયા
ગલે બીચ બૈયાં ડાલે સારી રેન દુલનીયા૦
દીલ ઇસે દેના જીસે દીલ લેનેકી દરકાર હો
બેદીલોંકો દીલ કયા દેના મુફતમે જયો ખવાર હો
દીલ હય એક દોસ્ત બ્હોત, વો દીલ કીસકો દીજીએ
ઇસ તો બેહેતર વોહ કે વો દીલકા ટુકડા કીજીએ–જાગે૦

અંક ૨ જો.

ગુણુવંતી— ૧૩

કર્મની અકળ કળા ન કળાય
કર્મમાં લખ્યું ન મીથ્યા થાય
કર્મ તણી ગતી કર્મ કરે ત્યા
અન્ય થકી શુ થાય
જન્માંતરનાં સુખ દુ:ખ સઘળાં
કર્મ તણે વશ થાય કર્મની૦

૧૪

વસંત— વાહ મારા શોખીલા યાર
ચ પા કળી છે ઉમ ગમા

લાલ— વાહ તારો કેવો છે પ્યાર
હવે ફરીશું બે સંગમા
ફેશનથી ફેરવુ, મીજલસમા મેલવુ

વસંત— બસ આનંદ છવાયો છે અ ગમા

લાલ— વેલ માય લેડી
આઈ એમ લોર્ડ

વસંત— ગુડ અવર ફોરચ્યુન
મેક હેપી ગોડ વાહ૦

ચાલ— ૧૫

રંગ જમાવી જાળ બીછાવી
યુક્તિ સાચી થઈ
માલ પચાવીને સપડાવી
સજીવન દંડો દેઈ
મુકી દીવાસળી મહેનત સૌ ફળી
મરસે રુઉ લડી રહેશે રડી રડી. રંગ૦

ચંદ્રપ્રભા, સખીઓ— ૧૬

શાણી સજની રમો રજની વંસતની
વિધ વિધ રંગની (૨)
છાઈ રળીઆમણી શી રાત
રૂડી રૂપાળી ખીલી ચાદની
અહા ખીલી ચાંદની (૨)
રસ માટે ભ્રમરો ભમે, પ્રસન્ન વદન કળી થાય
ભ્રમર તણુ સુખ ભાળીને ચીતમા ચટપટ થાય
પીડે વળી નવદળ માલ તમાલ
મદન નખ કેસુડા રે
કઉ કઉ કોયલડીના બોલ પડાવે મને આસુડા રે
નણદલ વીર પરદેશમાં કહેવી કોને વાત
રંગ સૌ ફીકા પડે વિના મદન મહારાજ
મોહનજી અવજો રે દયા દિલ લાવજો રે

સુના તમ વિણુ લાગે શણુગાર
પડે નવ દિલડાને ચેન
વાટલડી જુએ વામા કંથની
પ્રિય શશી કાન્તની (૨) શાણી૦

ચંદ્રપ્રભા, સખીઓ— ૧૭
સજની શાણી ઘેલી કરે શા વિચાર
શાત રુખી સુખ દુખનો સાથી
મેળવશે કિરતાર સરજનહાર (૪) સજની૦

ચંદ્રપ્રભા—
સ્નેહ જેમ જળ મીનને મીન વારી વીણુ જીવે નહિ
પ્રેમી જીવન પ્રેમીનુ જન પ્રેમ વિણુ જીવે નહિ

સખીઓ—(અરે બેહેન ધીરી, ધીરી, ધીરી)
મનના માન્યાની સગે
મળશો જ્યારે ઉમગે
તન મનના તાપ ટળશે
વ્યાધી અંતરની ઠરશે સજની૦

કંચનલાલ— ૧૮
રીસ કરો ના રઢીઆળી
મધુરી, રીસ કરો ના રઢીઆળી
રસીલી રઢીઆળી રીસ૦

ચંદ્રપ્રભા—પ્રિત તમે કાં વીસારી
પીયુજી પ્રિત તમે કા વીસારી
વાલપ શું વીસારી

કુંચનલાલ—સુંદરી સલુણી અમર સુખ આપું
આ ઘટ ઘરમા નિશદિન સ્થાપું
રહો વચન તમારૂં વીચારી મધુરી૦

મધુરી— ૧૯

આવો મહીરીએ પ્રિતમ પતળા
પ્યારા મારા આવો૦
વાટલડી જોઉ હુ તો પ્રેમી ઓ વરણાગી વ્હાલા
સેજલડી સુની છે તમ વીણુ મારી લ્હેરી લાલા
નીંદ ન આવે સજ્જન શામળા
પ્યારા મારા આવો૦

મથુરાદાસ—પ્યારી તમારી પ્રિત પીછાણી
વાણી મધુરી મનથી મે જાણી

મધુરી—પ્યાસી છે દાસી પ્રિતમ પાતળા
પ્યારા મ રા આવો૦

કુંચનીઓ— ૨૦

પ્રેમ નગરકે બીચકો ચલી નયન તલવાર
મૂરખ થે સો બચ ગયે ચાતુર ખાવે માર
કાટો લાગ્યો રે દેવરીઆ મોસે સ ગ ચલો નવ જાય
મોસે પેર ધર્યો નવ જાય કાંટો૦

તુમરી સંગ નીકસી મેં બાને
પીયા બીના કોઉ દર્દ ન જાને
સગ મીલે તબ પીડ પીછાને
મોસે કહ્યો નવ જાય કાટો૦

જેમન, જોસ્ફી— ૨૧

આવી દુઃખ ઘડી રહેવુંજ રડી
બૈની તો મરી ગઇ બેઉ તણી
મુફલીસ બન્યા ડીસમીસ થયા
આ શીરપર આફત આવી પડી
અરરર હાય હવે શું થાય
ડાકટર તો પુરા પસ્તાય
ડાકટરથી દવા નવ થાય
વાઢા રહી જીંદગી જાય
સોરી, સોરી ઓ માય ફ્રેન્ડ
વી કાન્ટ ફાઇન્ડ ધી સ્ટોરી એન્ડ આવી૦

ચંદ્રપ્રભા— ૨૨

વહાલા વેહેમ તજી દયો
નવ કરશો નાથ નિરાશ
આ દુઃખણીના દિલમાં વસીયા
કરજો પ્રિતમ રેહેમ વહાલા૦
ભ્રમર કમળનો પ્રેમ જેમ દીપક સાથ પતંગ
નાગમણીની સાથનો તેવો તમસુ કથ વહાલા૦

અંક ૩ જો.

વસંત— ૨૩

આવો આવો વહાલા મારા લટકળા લાલ

લાલ—બોલો કોયલના જેવા લાગે છે કાલા

મેના પોપટની જોડી શી શોભે અહા

વસંત—સોનુ મંગવી આપો ઘાટો ઘડાવી આપો

સારા એરીંગ હીરાથી જડાવી આપો આજ

લાલ—સોની જડીઆ બોલાવુ હુ તો તારે કાજ આવો૦

કુંચનલાલ— ૨૪

મુરખ મન હિંડોળે હીંચે

માની મોટપ આખો મીચે મુરખ૦

કુંદનને નાખે છે કીચે

કથીર તરફ નયનોને ખીંચે

સ્વાદ તજી અમૃત રસનો

અભીમાની વિષપર રીઝે મુરખ૦

ચાર દીવસની ચાંદની ચેત્યો નવ દીલમાહી

અંત સુધી અથડાઇ મરતો દુંખ દાવાનલ માહી

મુરખ૦

ગુણવંતી— ૨૫

સજ્જન કર પુરૂષાર્થ શાણા

તજી દે શુન્ય સકળ ટાણા

વિચારી જોને મન તારા

સુખ દુંખના આવે વારા

નર નશીબ નિરમ્યું નાથજી નવ નીરખ સહુ એ ખેલ છે
આ જગતની બાજી મહીં પુરૂષાર્થની તો પહેલ છે
અડગ ચિત્તથી ધ્યાન ધરવું સજજનને મન સ્હેલ છે
હિમ્મત રૂપી હથીઆરથી પુરૂષાર્થ મળવો સ્હેલ છે
નવ ફાંફાં માર નકામા સજજન૦

મથુરાદાસ— ૨૬

રે મનવા તુ શાને ભમે છે
મુરખ મન તું મદમા મરે છે
કોણુ હતો તે કાંઇ ના પીછાણ્યું
જગમા રહી જીવતર નવ જાણ્યું
કરવાનુ નવ તુથી કરાણું
મનથી મેહેલ બનાવ્યા મોટા
જ્યા ત્યાં વાળ્યા ગડબડ ગોટા
આખર છે પાણી પરપોટા

જડી— ૨૭

આપ્યું વચન તમે પાળજો
શામળા પ્રીતિ સદાએ નિભાવજો

લાલ— વાહ રે મારી કુસુમ કળી
ખીલતી ખુલતી નાજુક મળી

જડી— લાવજો, લાવજો, લાવજો
ઓ વહાલા હીરાના એરીંગ લાવજો

લાલ— હીરાના એરીંગ બનાવું
ન્યુ ફેશન નંગ જડાવું
નવા નવા ડ્રેસ બનાવું

જડી— સાથે ચસમા સોનેરી મંગાવજે

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી કંપનીમા ભજવાતા નાટકના ઓપેરાઓ જ્યાં કંપનીનો મુકામ હશે ત્યાંથી રોકડી કીંમતે મળશે

શુક્ર જયન્તિ	૦—૨—૦
મોહજીત	૦—૨—૦
શ્રવણ કુમાર	૦—૨—૦
ચંદ્રપ્રભા	૦—૨—૦